# IIT-Gnમાં સાયન્ટિફિક ટોય મેકિંગ વર્કશોપ



સાયન્સ એજ્યુકેશનના ઈમ્પ્રુવમેન્ટ માટે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (આઈ.આઈ.ટી) ગાંધીનગર ખાતે સાયન્ટિફિક ટૉય મેકિંગ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં ગાંધીનગર જીલ્લાના ધોરણ નવ અને દસના ૧૦૦ ટીચરે ભાગ લીધો હતો. આ ટીચર્સને સાયન્સ થિયરી આધારીત ટોયઝ બનાવતા શિખવ્યા હતા. સાયન્સને અનુલક્ષીને વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ આ ટીચર્સને ટ્રેનિંગ આપવામાં આવી હતી. બે દિવસ દરમિયાનનો આ વર્કશોપ આ પહેલા પણ યોજવામાં આવ્યો હતો.